Letter No: ED/0155/07/2023 Dt: 19-07-2023

નવી બાબત

વર્ષ ૨૦૨૩-૨૪

સને ૨૦૨૩-૨૪માં અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ "સરસ્વતી સન્માન યોજના"ની બાબત માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:- ED/KBG/e-file/3/2023/0430/KH-1

નવા સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધાઃ-

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૨/૦૪/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ISC-7/ન.બા./કેસીજી/સરસ્વતી/૨૦૨૨-૨૩/૧૫૫૦

આમુખ :

રાજયની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોમાં સુવ્યવસ્થિત માળખાકીય સુવિધાઓ (જેમ કે નવા ડીજીટલ કલાસરૂમ, લાઈબ્રેરી, હોસ્ટેલ, લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, સ્પોર્ટસ ઈક્વિપમેન્ટ, આઈ.ટી.ના સાધનો વગેરે જેવી નવી ફેસેલીટી, રીનોવેશન અને આધુનિકીકરણ)માં વધારો થાય તે હેતુથી સરકાર, દાતાઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો(કોલેજો/યુનિવર્સિટીઓ)ના ત્રિવેણી સંગમ થકી "સરસ્વતી સન્માન યોજના" નામે રાજયની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની માળખાકીય સુવિધાઓના ઉન્નતિકરણ માટે નવી યોજના શરુ કરવાનું તથા વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ કચેરીના પત્રથી સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ ઉકત યોજના હેઠળ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે, રાજયની શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોમાં સુવ્યવસ્થિત માળખાકીય સુવિધાઓ(જેમ કે નવા ડીજીટલ કલાસરૂમ, લાઈબ્રેરી, હોસ્ટેલ, લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, સ્પોર્ટસ ઈક્વિપમેન્ટ, આઈ.ટી.ના સાધનો વગેરે જેવી નવી ફેસેલીટી, રીનોવેશન અને આધુનિકીકરણ)માં વધારો થાય તે હેતુથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ/એલ્યુમનાઈ એસોશીએશન, સેવાભાવી સંસ્થાઓ, પ્રતિષ્ઠિત સામાજિક સંગઠનો, રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય NGO, ટ્રસ્ટ, સોસાયટી, કોર્પોરેટ સંસ્થાઓ અને CSRની સહાય, NRI અને NRG ફંડ/સહાય, કોઈપણ નાગરિક/વ્યક્તિ પોતાના કે પોતાના માતા-પિતા કે સ્વજનના નામે દાન/નાણાકીય સહાય કરવા ઈચ્છતા હોય તેવા પ્રકારના દાતાઓ(લોકફાળો આપનાર વ્યક્તિ/સંસ્થા), સરકાર અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો(કોલેજો/યુનિવર્સિટીઓ)ના ત્રિવેણી સંગમ મોડલથી "સરસ્વતી સન્માન યોજના" અમલમાં મુકવામાં આવે છે અને તે અંતર્ગત ઉકત યોજના માટે કુલ રૂ.૩૫૦૦.૦૦/- લાખનો ખર્ચ કરવાની નીચે દર્શાવેલ વિગતો તથા શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | બાબત | સને ૨૦૨૩-૨૪મા કરવામા આવેલ જોગવાઈ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧. | "સરસ્વતી સન્માન યોજના"<br>માંગણી નંબર-૦૯ (પ્લાન),<br>મુખ્ય સદર-૪૨૦૨—શિક્ષણ, ખેલકુદ, કલા અને સંસ્કૃતિ અંગે મૂડી ખર્ચ જોગવાઇ<br>પેટા મુખ્ય સદર:૦૧-સામાન્ય શિક્ષણ,<br>ગૌણ સદર:૨૦૩-યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ,<br>પેટા સદર: ૦૬- ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે વિવિધ સાધન સામગ્રીની ખરીદી<br>(વિગતવાર બજેટ હેડ-૪૨૦૨-૦૧-૨૦૩-૦૬) | રૂ.૩૫૦૦.૦૦ |

૨. યોજનાની વિગત-

૨.૧. આ યોજનાનું નામ "સરસ્વતી સન્માન યોજના" રહેશે.

૨.૨. યોજના અંતર્ગત રાજ્યની સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોમાં સુવ્યવસ્થિત માળખાકીય સુવિધાઓ (જેમ કે, નવા ડીજીટલ કલાસરૂમ, સુવ્યવસ્થિત માળખાકીય સુવિધાઓ, લાઇબ્રેરી, હોસ્ટેલ, લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, સ્પોર્ટસ ઇક્વિપમેન્ટ, આઇ.ટી ના સાધનો વગેરે જેવી રીનોવેશન અને આધુનિકરણ)માં વધારો થાય તે હેતુથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ/એલ્યુમનાઇ એસોશીયેશન, સેવાભાવી સંસ્થાઓ, પ્રતિષ્ઠિત સામાજિક સંગઠનો, રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય NGO, ટ્રસ્ટ, સોસાયટી, કોર્પોરેટ સંસ્થાઓ અને CSR ની સહાય, NRI અને NRG ફંડ/સહાય, કોઇપણ નાગરિક/વ્યક્તિ પોતાના કે પોતાના માતા-પિતા કે સ્વજનના નામે દાન/નાણાકીય સહાય કરવા ઇચ્છતા હોય તે નાણાંકીય સહાય આપી શકશે.

૨.૩. આ યોજના અંતર્ગત મંજુર પ્રોજેક્ટની કુલ રકમમાંથી ૫૦% રકમ લોકભાગીદારીથી અને ૫૦% રકમ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવશે.

૨.૪. આ યોજના અંતર્ગત થનાર કુલ ખર્ચને નીચે મુજબ વહેંચવામાં આવે છે.

| ક્રમ | વિગત | રૂ.લાખમાં | |
|---|---|---|---|
| ૧ | સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોમાં નવા બાંધકામ માટેની મંજુર વાર્ષિક રકમ | ૧૭૦૦.૦૦ | સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોની અરજીના આધારે પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ આ રેશીઓમાં ફેરફાર કરી શકશે |
| ૨ | સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોમાં રીનોવેશન અને અપગ્રેશન માટેની મંજુર વાર્ષિક રકમ | ૬૮૦.૦૦ | |
| ૩ | સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજોમાં નવા સાધન/ઇક્વિપમેન્ટ માટેની મંજુર વાર્ષિક રકમ | ૧૦૨૦.૦૦ | |
| ૪ | આ યોજનાના Management Monitoring & Evaluation માટેની Technical Support Group (TSG)નો ખર્ચ તથા અન્ય વહીવટી ખર્ચ (ટ્રાવેલિંગ, ફીઝીકલ વેરીફીકેશન માટેની Peer Teamનું ઓનોરરીયમ અને TA-DA, આ અંગેના સેમીનાર-વર્કશોપનું આયોજન જેવા વાહન અને રીફ્રેશમેન્ટ અન્ય ખર્ચ માટે) | ૧૦૦.૦૦ | |
| | કુલ રકમ | ૩૫૦૦.૦૦ | |

૨.૫. આ યોજના અંતર્ગત સહાય મેળવવાના પાત્રતાના ધોરણો નીચે મુજબ રહેશે.

1. આ યોજના અંતર્ગત શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજો સબંધિત પ્રોજેક્ટ અંતર્ગત સહાય મેળવવા નિયત નમુનામાં અરજી કરી શકશે.

૨.૬. <u>અરજી કરવાની પ્રક્રિયા:</u>

1. આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજો દ્વારા Road & Building (R&B) Department દ્વારા નક્કી કરવામાં આવેલ સબંધિત જિલ્લાના પ્રવર્તમાન Schedule of Rates (SOR) મુજબ Detail Project Report (DPR) તૈયાર કરીને કેસીજી કચેરી દ્વારા નિયત કરેલ સમય મર્યાદામાં કેસીજી કચેરીને રજુ કરવાનો રહેશે.
2. આ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે અરજી કરવામાં આવેલ પ્રોજેક્ટ વિદ્યાર્થીલક્ષી હોય, વિદ્યાર્થીને પ્રાપ્ત થતા શિક્ષણની ગુણવત્તામાં વધારો થાય તેવા પ્રોજેક્ટને પ્રાધાન્ય આપવાનું રહેશે.
3. આ યોજના અંતર્ગત નીચે મુજબના Table:A, Table: B અને Table: C મુજબની ફેસીલીટી વસાવવા માટે અરજી કરી શકાશે.

Table – A: Creation of New Facilities

| Items | Norms |
|---|---|
| Hostels (separate for boys and girls) | New Construction |
| Toilets (separate for boys and girls) | New Construction |
| Laboratories | New Construction |

Letter No: ED/0155/07/2023 Dt: 19-07-2023

C\11

નીચે મુજબની Project Approval Board(PAB)ની રચના કરવામાં આવે છે:

"Project Approval Board(PAB)"

1. અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજય - અધ્યક્ષ
2. ઉચ્ચ શિક્ષણ કમિશનર/નિયામક, ગુજરાત રાજય
3. ટેકનીકલ શિક્ષણ કમિશનર/નિયામક, ગુજરાત રાજય
4. નાયબ સચિવ, ઉચ્ચ શિક્ષણ- સભ્ય સચિવ
5. એડવાઇઝર, કેસીજી
6. સ્ટેટ નોડલ ઑફીસર, રૂસા
7. અધ્યક્ષ દ્વારા આમંત્રિત અન્ય સભ્યો

૨.૧૦. આ યોજના અંતર્ગત મંજુર પ્રોજેક્ટની પૂર્ણ કરવાની અવધી તથા અન્ય આનુષંગિક નિયમો/બાબતો Project Approval Board (PAB) દ્વારા નક્કી કરવામાં આવશે.

૨.૧૧. આ યોજના અંતર્ગત પ્રોજેક્ટની મંજુરી મળ્યેથી સબંધિત કોલેજ/યુનિવર્સિટી– લોકફાળો આપનાર વ્યક્તિ/સંસ્થા – કેસીજી કચેરીનું થ્રી પાર્ટી Memorandum of Understanding(MoU) કરવાનું રહેશે.

૨.૧૨. આ યોજના અંતર્ગત કોલેજ/યુનિવર્સિટીના પ્રોજેક્ટની મંજુરી મળ્યેથી સબંધિત કોલેજ/યુનિવર્સિટીએ આ પ્રોજેક્ટના કો-ઓર્ડીનેશન માટે કોલેજ/યુનિવર્સિટીના ફેકલ્ટી અથવા સ્ટાફને કો-ઓર્ડિનેટર તરીકેની જવાબદારી સોંપવાની રહેશે તથા આ કામગીરી માટે સબંધિતને મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહિ.

૨.૧૩. આ યોજના અંતર્ગત સબંધિત કોલેજ/યુનિવર્સીટીના પ્રોજેક્ટની મંજુરી મળ્યેથી સબંધિત કોલેજ/યુનિવર્સીટીએ શેડ્યુલ્ડ બેંકમાં જોઈન્ટ સહીવાળું સેવિંગ એકાઉન્ટ ખોલાવવાનું રહેશે. જેમાં મુખ્ય સહી કરનાર કોલેજના આચાર્ય (કોલેજના કિસ્સામાં) અને યુનિવર્સીટીના કિસ્સામાં રજીસ્ટ્રાર હોવા જરૂરી છે તથા અન્ય સહી કરનાર, યોજના માટે નિયુક્ત કરવામાં આવેલ કો-ઓર્ડિનેટર રહેશે.

૨.૧૪. આ યોજના અંતર્ગત Project Approval Board(PAB) દ્વારા મંજુર થયેલ પ્રોજેક્ટના physical inspection માટે PEER Committee નક્કી કરવામાં આવશે.

૨.૧૫. આ યોજના અંતર્ગત Project Approval Board(PAB) દ્વારા મંજુર થયેલ પ્રોજેક્ટની કુલ રકમમાંથી લોકફાળાની જેટલી રકમ સબંધિત કોલેજ/યુનિવર્સીટીના આ યોજના માટે ખોલાવવામાં આવેલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે તે પૈકીની ૭૫% રકમનો વપરાશ થયા બાદ તથા PEER Committee ના Physical Inspection Reportના આધારે રાજ્ય સરકારના ફાળાની ૫૦% રકમ મુજબનું અનુદાન સબંધિત સરકારી યુનિવર્સિટી અથવા સરકારી કોલેજને ફાળવવામાં આવશે.

૨.૧૬. આ યોજના અંતર્ગત સબંધિત કોલેજ/યુનિવર્સિટીઓ માટે મંજુર થયેલ પ્રોજેક્ટની રકમમાંથી કોઈપણ પ્રકારની કન્સલ્ટન્સી ફી, પગાર, ભથ્થા, TA-DA, મિટિંગ ખર્ચ જેવા કોઈપણ અન્ય ખર્ચ સબંધિત કોલેજ/યુનિવર્સિટી દ્વારા કરી શકાશે નહિ.

૨.૧૭. "સરસ્વતી સન્માન યોજના" અંતર્ગત પૂર્ણ થતાં કામોમાં દાતા અને સરકારશ્રીના સંયુક્ત નામની તકતી કે.સી.જી દ્વારા નક્કી કરેલ એક સમાન ડિઝાઇન પ્રમાણે કે.સી.જી ની પૂર્વમંજુરી મેળવીને લગાવવાની રહેશે.

૨.૧૮. આ યોજના અંતર્ગત સબંધિત કોલેજ/યુનિવર્સિટીના પ્રોજેક્ટની મંજુરી મળ્યેથી સબંધિત કોલેજ/યુનિવર્સિટીએ પ્રોજેક્ટના અમલીકરણ માટે સ્થાનિક કક્ષાએ Local Monitoring Committeeની રચના કરવાની રહેશે. જેમાં નીચે મુજબના સભ્યોનો સમાવેશ કરવાનો રહેશે.

1. કોલેજના કિસ્સામાં કોલેજના આચાર્યશ્રી તથા યુનિવર્સિટીના કિસ્સામાં રજીસ્ટ્રારશ્રી
2. પ્રોજેક્ટના કો-ઓર્ડીનેશન માટેની કામગીરી કરતા કો-ઓર્ડિનેટર
3. લોકફાળો આપનાર સંસ્થાના પ્રતિનિધિ
4. કોલેજ/યુનિવર્સિટીના એકાઉન્ટ ઓફિસર/વહીવટી સ્ટાફ

૨.૧૯. આ યોજના અંતર્ગત લાભાર્થી કોલેજ/યુનિવર્સિટીએ મંજુર પ્રોજેક્ટ માટે કે.સી.જી કચેરી દ્વારા નિયત કરેલ નમુનામાં માસિક પ્રગતી અહેવાલ રજુ કરવાનો રહેશે.

Signature valid
Signed by:B. Parmar
Under Secretary
Date: 2023.07.19
18:31:26 +05:30

File No: ED/KBG/e-file/3/2023/0430/KH-1 Higher Education
Approved By: Mukesh Kumar(PS,ED)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | |
|---|---|
| Laboratories | New Construction |
| Computer Centre | New Construction |
| Classrooms (including technologically enabled classrooms) | New Construction |
| Common Room for Students | New Construction |
| Canteen/Cafeteria | New Construction |
| Library | New Construction |
| Auditorium | New Construction |

Table – B: Renovation/Upgradation of Existing Facilities

| Items | Norms |
|---|---|
| Academic Buildings | Renovation/Upgradation of Existing Buildings |
| Administrative Buildings | Renovation/Upgradation of Existing Buildings |
| Campus Development | Beautification, Amenities, Water Supply, Drainage, Water Harvesting, Alternate Energy Sources, playgrounds, etc. |
| Hostels | Renovation/Upgradation of Existing Buildings |
| Toilets | Renovation/Upgradation of Existing Buildings |
| Library | Renovation/Upgradation of Existing Buildings/Facilities; Digitisation of Existing Resources/Automation |
| Classrooms | Renovation/Upgradation of Existing Buildings/Facilities; Technologically–enabled classrooms |
| Auditorium | Renovation/Upgradation of Existing Buildings/Facilities |
| Canteen/Cafeteria | Renovation/Upgradation of Existing Buildings/Facilities |
| Computer Centre | Upscaling of Existing Network to Enable WiFi |

Table – C: New Equipment/Facilities

| Items | Norms |
|---|---|
| Sports Facility | New equipment/facilities |
| Computers | New equipment/facilities |
| Books/Journals | Purchase of new books |
| E-Resources | Subscription of New Journals |
| Lab Equipment | New equipment/facilities |

૨.૭. આ યોજના હેઠળ મંજુર પ્રોજેક્ટ મુજબનું નવું બાંધકામ કરવા માટે સબંધિત કોલેજ કે યુનિવર્સિટી પાસે જમીન હોવી જોઈએ તથા આ જમીનં સબંધિત કોલેજ કે યુનિવર્સિટીની ટાઈટલ ક્લીયર માલિકીની હોવી જોઈએ.

૨.૮ આ યોજના અંતર્ગત જે પ્રોજેક્ટ માટે અરજી કરેલ છે તેમાં આપવાના થતા લોકફાળા આપતી સંસ્થા કે વ્યક્તિગત (ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, એલ્યુમનાઈ એસોશીએશન, સેવાભાવી સંસ્થાઓ, પ્રતિષ્ઠિત સામાજિક સંગઠનો, રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય NGO, ટ્રસ્ટો, સોસાયટી, કોર્પોરેટ સંસ્થાઓ અને, CSRની સહાય, NRI અને NRG ફંડ/સહાય, કોઈપણ નાગરિક/વ્યક્તિ પોતાના કે પોતાના માતા-પિતા કે, સ્વજનના નામે નાણાકીય સહાય કરવા ઈચ્છતા હોય તેવા)નું નિયત કરેલ નમુના મુજબનું એફેડેવીટ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

૨.૯. આ યોજના અંતર્ગત સરકારી યુનિવર્સિટીઓ તથા સરકારી કોલેજો દ્વારા આવતી અરજીઓ અંતર્ગત આપવાની થતી મંજુરી માટે

C|13

૨.૨૦. બાંધકામના કિસ્સામાં સંબંધિત કામ માટે રાજ્ય સરકારના દાનનો હિસ્સો રૂ.૧.૦૦ કરોડની મર્યાદામાં રહેશે. જેમ કે, જો પ્રોજેકટની કુલ રકમ રૂ.૨.૦૦ કરોડ કે તેથી ઓછી હોય તો તેના ૫૦% રકમ પ્રમાણે રૂ.૧.૦૦ કરોડ કે તેથી ઓછી રકમ રાજ્ય સરકાર ચુકવશે અને જો પ્રોજેકટની કુલ રકમ રૂ.૨.૦૦ કરોડથી વધુ હોય તો રાજ્ય સરકાર રૂ.૧.૦૦ કરોડ ચુકવશે. બાકીની રકમ દાન કરનાર સંસ્થાએ ભોગવવાની રહેશે.

૨.૨૧. આ જ પ્રમાણે આઇ.ટી/લેબોરેટરીના સાધનો માટે રાજ્ય સરકારના દાનનો હિસ્સો રૂ.૧૦.૦૦ લાખની મર્યાદામાં રહેશે. જો પ્રોજેક્ટની કુલ રકમ રૂ.૨૦.૦૦ લાખ કે તેથી ઓછી હોય તો તેના ૫૦% રકમ પ્રમાણે રૂ.૧૦.૦૦ લાખ કે તેથી ઓછી રકમ રાજ્ય સરકાર ચુકવશે. અને જો પ્રોજેક્ટ કોસ્ટ રૂ.૨૦.૦૦ લાખથી વધુ હોય તો રાજ્ય સરકાર રૂ.૧૦.૦૦ લાખ ચુકવશે. બાકીની રકમ દાન કરનારે ભોગવવાની રહેશે.

૨.૨૨. આઇ.ટી.ના સાધનો/લેબોરેટરીના સાધનો માટે સૌપ્રથમ ખરીદીની વસ્તુના સ્પેશીફિકેશન, જથ્થો, અંદાજિત ભાવ સાથેની કુલ રકમની દરખાસ્ત કરવાની રહેશે. જે અંગે PABની મંજુરી મળ્યા બાદ GeM પોર્ટલ પર નિયમોનુસાર ખરીદપ્રક્રિયા કરી L1 એજન્સીને વર્કઓર્ડર આપતા પહેલાં PABની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૨.૨૩. આ અંગે સંસ્થા/યુનિવર્સિટીએ તેઓને સાધનોની ખરેખર જરૂરીયાત છે કે નહી તે મુજબની ચકાસણી કરી લેવાની રહેશે.

૨.૨૪. યોજનાનું અમલીકરણ:

1. આ યોજના અંતર્ગત નોડલ એજન્સી તરીકે નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી) અમદાવાદે કાર્યવાહી કરવાની રહેશે. તથા આ યોજનાના Management Monitoring & Evaluation માટે કેસીજી કચેરી ખાતે Technical Support Group(TSG)ની નિમણુક કરવાની રહેશે. આ Technical Support Group (TSG)ની લાયકાત, કન્સલ્ટન્સી ફી, પસંદગીની પ્રક્રિયા Project Approval Board(PAB) દ્વારા નક્કી કરવાની રહેશે.
2. આ Technical Support Group(TSG) કેસીજી કચેરીના માર્ગદર્શન અને મોનીટરીંગ અંતર્ગત કામ કરશે તથા આ યોજના સબંધિત તમામ વહીવટી કાર્યવાહી કેસીજી કચેરી દ્વારા કરવાની રહેશે.

૨.૨૫. આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા સહાય માટે વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમનું કેસીજી કચેરી દ્વારા જી.એસ.એફ.એસ.માં રોકાણ કરવાનું રહેશે અને સમયાંતરે વપરાશ કરવાનો રહેશે.

૨.૨૬. આ યોજના અંતર્ગત થતા કામો અન્ય યોજનામાં બેવડાય નહિં તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૨.૨૭. આ યોજનાનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

## 3. શરતો-

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી સંબંધિત કચેરીએ રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ કે.સી.જી. અમદાવાદ મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.
6. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
16. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
17. આઈ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત કચેરીની થશે.
18. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
19. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
20. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpowerની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
21. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
22. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
23. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકાર તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
24. જો કોઇ કેન્દ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.
25. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે સંબંધિત કચેરીએ તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
26. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
27. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
28. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
29. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન:વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
30. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
31. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
32. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
33. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

C115

34. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
35. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
36. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
37. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
38. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની સંબંધિત કચેરીએ તકેદારી રાખવાની રહેશે.
39. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
40. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
41. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું સંબંધિત કચેરીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
42. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન, કે કેન્દ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
43. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબદ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
44. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
45. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
46. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
47. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
48. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
49. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
50. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૪. આ યોજના અંગેનો ખર્ચ યોજનામાં દર્શાવેલ બજેટ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ સરકારશ્રીની ઈ-સરકાર પર સરખાક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.એસ.પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કચેરી, બ્લોક નં-૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- એડવાઇઝરશ્રી, કે.સી.જી કચેરી "પ્રજ્ઞાપુરમ કેમ્પસ", એલ.ડી એંજીનયરીંગ કોલેજ પાસે, અમદાવાદ

Signature valid
Signed by:B S Parmar
Under Secretary
Date: 2023.07.19
18:31:26 +05:30

Letter No: ED/0155/07/2023 Dt: 19-07-2023

- સ્ટેટ નોડલ ઓફીસર, રૂસા, કે.સી.જી કચેરી, અમદાવાદ
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર/IT-સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ
- સિલેકટ ફાઇલ
- ના.સે.અ સિલેકટ ફાઇલ